# ડીસામાં વરસાદમાં પાલિકાનો પ્રિ-મોનસૂન પ્લાન નિષ્ફળ : ડીસા શહેરી વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય

ડીસા, તા. ૯

ડીસા તાલુકામાં છેલ્લા ચોવીસ કલાકમાં લોપ્રેશર સર્જાતા વરસાદ ખાબકીયો હતો છેલ્લા ચોવીસ કલાકમાં અંદાજીત ૪૪ મી.મી. વરસાદ ખાબકતા શહેરના બારે વોર્ડોમાં વરસાદી પાણી ભરાઈ ગયુ હતુ જેમાં નગરપાલિકાએ ખાસ વરસાદ માટે ઘડેલા પ્રિમોન્સુન પ્લાનની નિષ્ફળતા સમગ્ર શહેરમાં દેખાતી હતી અને પાલિકાએ મોટા ઉપાડે જાહેર કરેલ પ્રિમોન્સુન પ્લાન નિષ્ફળ નિવડતા અને લોકોના ઘરોમાં વરસાદી પાણી ફરી વળતા પીડીતોએ પાલીકા સામે ફીટકાર વરસાવ્યો હતો.

જેની વિગતો જોઈએ તો ડીસા નગર પાલિકા દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા તંત્ર ઉભુ કરી ખાસ પ્રિમોન્સુન પ્લાન બનાવ્યો હોવાની પાલીકા તંત્રએ જાહેરાત કરી હતી વરસાદમાં કોઈ પણ પરીસ્થીતીને પહોંચી વળવા પાલિકા ટીમ સક્ષમ હોવાનુ પણ જાહેર કરાયુ હતુ. જો કે માત્ર ૪૪ મી.મી. વરસાદમાં જ ડીસા શહેરના નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતા લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા હતા નીચાણવાળા વિસ્તારોમાં ભરાયેલા આ પાણીના નિકાલ માટેની કોઈજ વ્યવસ્થા નગરપાલિકા સેનીટેશન વિભાગે અસરગ્રસ્ત વિસ્તારોમાં ન કરતા શહેરના રેજીમેન્ટ, નહેરૂ નગર ટેકરા, શિવનગર વિસ્તાર, વાડી રોડ, લાલચાલી, ગવાડી, રાજપુર, તેમજ ભોપાનગર વિસ્તારોમાં ગંદા પાણીનો ભરાવો થયો હતો. હજ્જારો લીટર ગંદુ પાણી આ તમામ વિસ્તારોને ઘમરોળી રહ્યુ છે જેનાથી આ તમામ વિસ્તારોમાં રોગચાળો ફાટી નીકળવાનો દેહશત પેદા થયેલ છે શહેરમાં છેલ્લા ઘણા સમયથી પાલિકા સેનીટેશન વિભાગ નિષ્ક્રિય સાબીત થયેલ છે અને શહેરમાં ઠેર ઠેર ઘનકચરાથી જનજીવન પર ગંભીર પ્રકારની વિપરીત અસર ઉભી થતાં શહેરમાં ભય ફેલાયો છે ત્યારે અસરગ્રસ્ત વિસ્તારોમાંથી ભરાયેલા પાણીનો તાત્કાલીક નિકાલ કરવામાં આવે તેવી અસરગ્રસ્ત લોકોની માંગ છે.

## ખેડબ્રહ્મા શહેરમાં બેફામ વાહન હંકારતા ટાબરીયા

ખેડબ્રહ્મા, તા.૮

ખેડબ્રહ્મા શહેરમાં છેલ્લા ઘણા સમયથી શાળામાં ભણવા જતા નાના બાળકો પૂર ઝડપે દ્વી ચક્રી વાહનો હંકારતા નિર્દોષ રાહદારીઓને હડફેટે લે છે. જેથી રાહદારીઓ હેરાનગતિ અનુભવી રહ્યા છે અને ટ્રાફિક પોલીસ આ મામલે કડક કાર્યવાહી કરે તેવી લોક લાગણી ઉઠવા પામી છે.

મળતી માહિતી અનુસાર સવારે ટયુશન તથા શાળામાં જતા બાળકો બેફામ વાહન દોડાવતા હોય છે અને રોજ એક બે નિર્દોષ લોકોને હડફેટે લે છે તો સવારથી સાંજ સુધી આડેધડ ડ્રાઈવિંગ કરતા પણ નજરે ચઢે છે. આવા બાળકો ટ્રાફીકની સહેજ પણ પરવા કર્યા વગર બેફામ વાહન હંકારે છે. જેથી નગરના લોકો દ્વારા આ મામલે ટ્રાફીક પોલીસ તપાસ આદરી યોગ્ય કાર્યવાહી કરે તેવી માગણી કરવામાં આવી છે.



(તસવીર : રમેશભાઈ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

**ખેડબ્રહ્માના શીતળા માતાજીના દર્શનાર્થે ભક્તો ઉમટ્યા**

ખેડબ્રહ્મા શહેરમાં સ્ટેટ હાઈવે પાસે આવેલા શીતળા માતાજીના મંદિરે શિતળા સાતમ નિમિત્તે દર્શનાર્થીઓની ભીડ જામી હતી.જેમાં બહેનોની સંખ્યા વધુ હતી. દર્શનાર્થીઓએ માતાજીને કંકુ-ચુંદડી-સુખડી ધરાવી તથા શ્રીફળ વધેરી ધન્યતા અનુભવતા હતા. ખેડબ્રહ્મા ઠાકોર સમાજ તથા અંબિકા માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા શીતળા માતાજીને ચુંદડી-સાડી તથા પ્રસાદ ધરાવવામાં આવ્યો હતો. શીતળા માતાજી મંદિર વિકાસ સમિતિના સભ્યો રેવાભાઈ પટેલ, બેચરભાઈ પટેલ, નટવરભાઈ પટેલ, દિગ્વિજયસિંહ રાઠોડ તથા સુરેશભાઈ રાવલે દર્શનાર્થીઓ માટે દર્શનની સુંદર વ્યવસ્થા ગોઠવી હતી જેથી દર્શનાર્થીઓ શાંતીથી દર્શનનો લાભ લઈ શક્યા હતા.

## હિંમતનગર કૉલેજનું ગૌરવ

હિંમતનગર, તા. ૯

હિંમતનગરની આર્ટસ કૉમર્સ કૉલેજના પ્રૉફેસર નરેન્દ્રભાઈ ઉપાધ્યાયના સુપત્ર અંકુર નરેન્દ્રભાઈ ઉપાધ્યાયે ટી.વાય.બી.એ. વર્ષ ૨૦૧૨ (અંગ્રેજી)ની પરીક્ષામાં સમગ્ર હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીમાં ૭૭ ટકા મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુંછે. અંકુરે હિંમતનગર આર્ટસ કૉલેજ તેમજ બ્રહ્મસમાજનું ગૌરવ વધાર્યુંછે. અંકુરની આ સિધ્ધિ બદલ કૉલેજ પરિવાર અને મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

# હિંમતનગરના મોતીપુરામાં નેશનલ હાઈવે પર દારૂ પી વાહનચાલકો પાસેથી પૈસા લેતા બે ઈસમોને પબ્લિકે મેથીપાક ચખાડ્યો

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના મોતીપુરા વિસ્તારમાં નેશનલ હાઈવે પર બુધવારની મોડી સાંજે દારૂ પી વાહન ચાલકો પાસેથી પૈસા ઉઘરાવતા બે જણાને પબ્લિકે પકડી પાડી મેથીપાક આપ્યો હતો અને જેથી બંનેને હિંમતનગર ટાઉન પોલીસને હવાલે કરતા પોલીસે બે જણા વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હતી.

વિગત મુજબ બુધવારની મોડી સાંજે ૭ વાગેની આસપાસ મોતીપુરા વિસ્તારમાં નેશનલ હાઈવે પરના સર્કલ પાસેના દ્વારકેષ કોમ્પ્લેક્ષ આગળ એક મારૂતિ કારમાંથી અમદાવાદ નરોડાનો કુલદીપ રસિક પટેલ, જયરામ હેમનદાસ રૂપનાણી અને કારચાલક હસિત વિષ્ણુભાઈ પટેલ ત્રણ જણા રાજસ્થાનથી વિદેશી દારૂનું સેવન કરી આવ્યા બાદ છાકટા બની આર.ટી.ઓ.નું રૂપ ધારણ કરી વાહનચાલકો પાસેથી પૈસા ઉઘરાવતા હતા. દરમિયાન પબ્લિકના ટોળાને જોઈ જતા હાસિત વિષ્ણુભાઈ પટેલ કાર લઈ નાસી ગયેલ અને બે જણા રહી ગયા હતા.જેમને પબ્લિકે મેથીપાક ચખાડ્યો હતો અને ત્યાર બાદ હિંમતનગર ટાઉન પોલીસને બોલાવી બંને દારૂ ને છાકટા બનેલા બે જણાને સોંપી દીધેલ હતા પરંતુ પોલીસ બે જણા વિરૂદ્ધ દારૂ પીધેલાનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# પાલનપુરમાં રાત્રી સમયે અજાણ્યા તસ્કરોએ તરખાટ મચાવી પાંચ દુકાનોનાં તાળાં તોડ્યાં

પાલનપુર, તા. ૯

પાલનપુર શહેરી વિસ્તારમાં ગતરાત્રીએ વરસતા વરસાદનો લાભ ઉઠાવી અજાણ્યા તસ્કરોએ શહેરમાં આવેલ પાંચ દુકાનોના તાળા તોડ્યા હતા. જેમાં ત્રણ દુકાનોમાંથી તસ્કરોએ અંદાજીત એક લાખથી વધુની માલમત્તા ચોરી હતી. જ્યારે બે જ્વેલર્સની દુકાનોના તાળા તોડતા તસ્કરોએ જ્વેલર્સની દુકાનોમાંથી ચોરી કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. આ મામલે પાલનપુર શહેર પોલીસે ગુનો દાખલ કરી અજાણ્યા તસ્કરોને ઝડપવા ધનીષ્ઠ તપાસ હાથ ધરી હતી.

જેની વિગતો જોઈએ તો પાલનપુર શહેરમાં ગતરાત્રીએ અજાણ્યા તસ્કરોએ ચોરી કરવાના ઈરાદે વરસાદી માહોલને પસંદ કર્યો હતો. અને શહેરી વિસ્તારમાં આવેલ સીટી લાઈટ કોમ્પલેક્ષની ત્રણ રેડીમેઈડ સ્ટોર્સ દુકાનોને નિશાન બનાવી દુકાનોના તાળા તોડ્યા હતા. આ ત્રણેય દુકાનોમાંથી તસ્કરોએ રૂપિયા સત્તાણું હજાર સાતસો પચાસની માલમત્તા ચોરી હતી. જે બાદ તસ્કરોએ શહેરમાં ગુરૂશદન કોમ્પલેક્ષમાં તથા ગીરધર પટેલ માર્ગ પાસે આવેલ જ્વેલર્સની દુકાનોના તાળા તોડ્યા હતા. જો કે આ બન્ને દુકાનોમાંથી ચોરી કરવાનો તસ્કરોનો પ્રયાસ નિષ્ફળ નીવડ્યો હતો. વહેલી સવારે દુકાન માલીકોને થયેલ ચોરીઓની જાણ થતા તમામે શહેર પોલીસ મથકે આવી ચોરીની ફરીયાદ નોંધાવી હતી. આ મામલે પાલનપુર શહેર પોલીસે અજાણ્યા તસ્કરો ઝડપવા ડોગ સ્કોડ તેમજ એફ,એસ.એલ. ટીમની મદદે ધનીષ્ટ તપાસ હાથ ધરેલ છે.

# પ્રાંતિજ ત્રણ રસ્તાથી ભાંખરીયા બસ સ્ટેન્ડ સુધીનો માર્ગ અંધારપટ

પ્રાંતિજ, તા. ૯

પ્રાંતિજના હાઈવે ત્રણ રસ્તાથી ભાંખરીયા બસ સ્ટેન્ડે જવાના માર્ગ ઉપર છેલ્લા દસેક દિવસથી અંધારપટ છવાયેલો છે. આ માર્ગની આજુબાજુમાં અનેક સોસાયટીઓ આવેલી છે. આ સોસીયટીના રહીશો દ્વારા અનેકવાર તંત્ર સમક્ષ રજૂઆત કરવા છતાં પરિણામ શૂન્ય જ છે. રહીશોએ તંત્ર વિરુદ્ધ રોષ વ્યક્ત કરી સ્ટ્રીટલાઈટ તાત્કાલીક રીપેર કરવા માંગણી કરી છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ હાઈવે ત્રણ રસ્તાથી ભાંખરીયા બસ સ્ટેન્ડ જવાના માર્ગ પર માતૃછાયા, સ્વામિનારાયણ, હરિઓમ પાર્ક, આશીર્વાદ ગજાનંદ, ગંગોત્રી પાર્ક, પાંચ બંગલા જેવી અનેક સોસાયટી આવેલી છે. આ માર્ગ પર છેલ્લા દસેક દિવસથી અંધારપટ છવાયેલું છે. અંધારામાં ખાડા ટેકરાવાળા રસ્તામાં ઘરડા વ્યક્તિ પડી જાય તો ઈજા પહોંચે તેમ છે તેમજ અંધારાનો લાભ કોઈ તસ્કર ટોળકી ના લઈ જાય તે ડરથી રહીશોમાં ભય ફેલાયો છે. રહીશો દ્વારા તંત્ર સમક્ષ મૌખિક અને લેખીત અનેકવાર રજૂઆત કરવા છતાં તંત્રના બહેરા કાને રહીશોની આપવિતી સંભળાતી નથી. આ લોકો હવે તંત્ર સમક્ષ લડી લેવાના મૂડમાં જણાય છે.

## હિંમતનગરમાં જુગાર રમતા બે ઈસમો પકડાયા : ૧૦ હજારની મત્તા મળી

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના આંબાવાડી વિસ્તારની પ્રાથમિક શાળાને અડીને બુધવારની રાત્રીના તે વિસ્તારના દલપતભાઈ પોખરાજભાઈ પ્રજાપતિ જગદીશ હોલ ખાતે ચાલતા હોટલ આગળની લારી પર કામ કરતા સુનીલ રાજારામ દેશમુખ, કિરણ નેપાળી અને મુન્નો મળી ચારેય જણા જુગાર રમતા હતા. ત્યારે નાઈટ પેટ્રોલિંગમાં ફરતી ટાઉન પોલીસે રેડ કરી હતી. જેથી જુગાર રમતા ચારમાંથી બે જણા નાસી ગયેલા અને બે જણા દલપતભાઈ પોખરાજભાઈ પ્રજાપતિ, સુનીલ રાજારામ દેશમુખ પકડાયા હતા અને તેમની પાસેથી રોકડા રૂ. ૯ હજાર ૫૪૦ અને બે મોબાઈલ મળી ૧૦ હજાર ૫૪૦ના મુદ્દામાલ સાથે પોલીસે બે જણા વિરૂદ્ધ હિંમતનગર ટાઉન પોલીસમથકે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# થરાદ-ડીસા હાઈવે પર એચ.પી.કંપનીના પેટ્રોલ પંપ પર વીજ કરંટ લાગતા એકનું મોત, બે ઘાયલ

ડીસા, તા. ૯

થરાદ ડીસા હાઈવે રોડ પર ગતરાત્રીએ હિન્દુસ્તાન પેટ્રોલીયમ કંપનીના કર્મચારી દ્વારા પેટ્રોલ પંપ પર એચ.પી.કંપનીના સાઈન બોર્ડ લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી જો કે સાઈન બોર્ડની ઉપરથી હેવી વીજ લાઈન વાયરો પસાર થતા હતા રાત્રીના અંધકારમાં કામકરી રહેલા ખાનગી કંપનીના આ કર્મચારીઓ સાઈન બોર્ડ લગાવતા સાઈન બોર્ડ હેવી વીજ લાઈન સાથે સંપર્કમાં આવતા કામ કરી રહેલા ત્રણ કર્મચારીઓને વીજ કરંટ લાગ્યો હતો. જેમાં એક કર્મચારીનું ઘટના સ્થળે કરૂણ મોત થયુંહતુ. જ્યારે અન્ય બે કર્મચારીઓ વીજ કરંટથી ઘાયલ થતા તેઓના થરાદ રેફરલ હોસ્પીટલ ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા. આ અકસ્માતની જાણ થતાં થરાદ પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

આ અકસ્માતની વિગતો જોઈએ તો થરાદ ડીસા હાઈવે રોડ પર આવેલ એક પેટ્રોલ પંપ પર હિન્દુસ્તાન પેટ્રોલીયમ કંપનીના સાઈન બોર્ડ લગાવવાની ઉત્તર પ્રદેશમાં રહેતા અને એચ.પી.કંપનીમાં કામકરતા ત્રણ કર્મચારીઓ કામકરી રહ્યા હતા. આ સાઈન બોર્ડ લગાવતા કંપનીના માણસોએ ક્રેઈનનો ઉપયોગ કરવાની જગ્યાએ માનવ શ્રમ મુજબ કામકરતા સાઈન બોર્ડ લગાવવાની કોશિષ કરતા ઉપરથી પસાર થતી હેવી વીજ લાઈનના વાયરો આ સાઈન બોર્ડને અડકયા હતા જેનાથી શોટસર્કીટ સર્જાતા એચ.પી.કંપનીના પ્રવિણ ઉર્ફે મનુ શર્મા ઉ.વ. ૨૩ રહે. ફીરોજપુર ઉત્તર પ્રદેશવાળાઓને જોરદાર વીજ કરંટ લાગતા તેનું ઘટના સ્થળે જ કરૂણ મોત થયુ હતુ. જ્યારે અન્ય સંતરામ કેદારરામ શર્મા ઉ.વ. ૨૧ તેમજ બલવીરસીંગ શર્મા ઉ.વ. ૨૦ વાળાઓને પણ વીજ કરંટ લાગતા તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા જેઓને તાત્કાલીક રાહત અને મદદની કામગીરીએ થરાદ રેફરલ હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ મામલે થરાદ રેફરલ હોસ્પીટલના તબીબે થરાદ પોલીસ મથકે જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતકનો કબ્જો સંભાળી તેને પી.એમ.અર્થે ખસેડયો હતો. આ મામલે તબીબની જાહેરાતના આધારે થરાદ પોલીસ મથકના હેડકોન્સટેબલ નરપતસિહ રાવે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી ધોરણસર તપાસ હાથ ધરેલ છે.

## ચોવીસી ત્રિવેદી મેવાડા સમાજનું ગૌરવ

ઈડર તાલુકાના છાપીના વતની અને હાલ અમદાવાદ ખાતે રહેતા જશવંતાઈ પાઠક શિક્ષણ વિભાગમાં છેલ્લા ૩૫ વર્ષથી ફરજ બજાવે છે. તેમની ફરજને બિરદાવી શિક્ષણ વિભાગે તાજેતરમાં અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે બઢતી આપી છે. તેમજ ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ તરફથી વર્ષ ૨૦૦૫માં તેમને શ્રેષ્ઠ સારસ્વત તરીકે સન્માનીત કરવામાં આવ્યા છે.

# ખેડબ્રહ્મામાં મંદિરની ભીડમાં ફરતી ત્રણ શંકાસ્પદ મહિલાઓની અટકાયત

ખેડબ્રહ્મા, તા. ૯

ખેડબ્રહ્માના શીતળા માતાજી મંદિરમાં દર્શનાર્થીઓની ભીડમાંથી ખેડબ્રહ્મા પોલીસે ઉદયપુરની રહીશ ત્રણ શકમંદ મહિલાઓની અટકાયત કરી જેલ હવાલે કરી લીધી હતી.

ખેડબ્રહ્મા પોલીસ પાસેથી મળેલી વિગતો અનુસાર શીતળા સાતમ નિમિત્તે શહેરના શીતળા માતાજીના મંદિરે દર્શનાર્થીઓની ભીડ ઉમટી પડી હતી. આ ભીડનો લાભ લઈ ત્રણ મહિલાઓ પણ ચોરી કરવાના ઈરાદે ભીડમાં સામેલ થઈ ગઈ હતી. ખેડબ્રહ્મા પોલીસને ભક્તોની ભીડમાં અજાણી ત્રણ મહિલાઓ ઉપર શંકા જતા તેમની પૂછપરછ કરી હતી અને પૂછપરછમાં પોલીસને કોઈપણ પ્રકારનો સંતોષકારક જવાબ ન મળતાં પોલીસે ઉદયપુરની ૩૫ વર્ષીય રેખાબેન રાજેશકુમાર પ્રજાપતિ, ૪૦ વર્ષીય ગીતાબેન સુરેશભાઈ માળી તથા ૪૫ વર્ષીય કોકીલાબેન હરિભાઈ માળીની અટકાયત કરી તેમને જેલ હવાલે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસા સહીત બનાસકાંઠામાં મેઘ મહેર : શોટ સર્કીટના બે અલગ બનાવોમાં બે પશુઓનાં મોત નીપજ્યાં

ડીસા, તા. ૯

ડીસા સહીત સમગ્ર બનાસકાંઠા જીલ્લામાં છેલ્લા ચોવીસ કલાકમાં લોપ્રેશર સીસ્ટમ સર્જાતા સર્વત્ર વરસાદ નોંધાવા પામ્યો હતો.

જેમાં જીલ્લા ફલર્ડ કંટ્રોલ વિભાગના આંકડાઓ મુજબ છેલ્લા ચોવીસ કલાકમાં અમીરગઢ તાલુકામાં ૧૫ મી.મી., દાંતામાં ૨ મી.મી., દાંતીવાડામાં ૩૪ મી.મી. ધાનેરામાં ૧૮ મી.મી. દીયોદરમાં ૮ મી.મી. ડીસામા ૪૪ મી.મી., કાંકરેજમાં ૧૮ મી.મી. પાલનપુરમાં ૧૪ મી.મી., જ્યારે વડગામમાં ૧૬ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. રાજ્ય સરકાર બનાસકાંઠા જીલ્લાને અસરગ્રસ્ત જીલ્લા તરીકે જાહેરાત કરી રહી છે ત્યારે જીલ્લામાં કાચા સોના સમાન પડેલ આ વરસાદ ખેડુતો તેમજ જીલ્લાવાસીઓ માટે આશીર્વાદ સમાન સાબીત થયેલ છે જ્યારે બીજી તરફ રાત્રીના સમયે વરસાદ બાદ વીજ કંપની ડીસા શહેર વિભાગની પોલ ખુલી જવા પામી હતી અને અડધાથી વધારે શહેરી વિસ્તાર અંધકારમાં ગરકાવ થયો હતો. ઠેર ઠેર વિજ પોલો અને જોઈન્ટોમાં લુજ જોઈન્ટ હોઈ સોટસર્કીટ સર્જાતા સંબંધિત વિજ ડીપીઓના ફયુજો ઉડી ગયા હતા. અને શહેરમાં અંદાજીત અઢીસોથી વધારે વીજ ફોલ્ટો થયા હતા.

શહેર વીજ કંપની કચેરીએ વીજ ફોલટ સર્જાતા શહેરીજનોએ ફોલ્ટ નોંધાવા જાણે હોડ લગાવી હતી જો કે પરંપરાગત રીતે રાત્રી સમયે વીજ કંપનીનો ફોલ્ટ ડીપાર્ટમેન્ટનો ફોન બંધભાસતો હતો જેનાથી શહેરીજનો કલાકો સુધી અંધકારમાં અટવાયા હતા. જ્યારે વીજ કરંટ લાગવાના બે બનાવોમાં રેજીમેન્ટ રોડ પાસે મારૂતી પાર્ક નજીક એક ગાય વીજ પોલના તાણીયા સાથે વીજ કરંટ સંપર્કમાં આવતા આ ગાયનું કરૂણ મોત થયુ હતુ.

જ્યારે અન્ય એક બનાવમાં વેલુનગર વિસ્તાર પાસે આવેલી એક ડીપીમાં શોટસર્કીટ સર્જાતા એક બકરીને વીજ કરંટ લાગતા તે મોતને ભેટી હતી આમ બે વિવિધ વીજ ફોલ્ટમાં વીજ કરંટે બે અબોલ પશુઓ મોતને ભેટયા હતા શહેરમાં છેલ્લા ચોવીસ કલાકમાં પડેલ પ્રથમ વરસાદના ઝાપટામાં વીજ તંત્રની અનેક ક્ષતીઓ બહાર આવતા શહેરીજનો ત્રાહીમામ પોકારી ઉઠયા હતા. જો કે ભારે બફારા અને ઉકળાટ વચ્ચે શહેરીજનોએ વરસાદી ઠંડકનો અનુભવ કર્યો હતો.


**ગાંધીનગર સમાચાર**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| અલ્તાફ શેખ | મોડાસા | ૯૯૯૮૮૯૮૬૭૮ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |
| રમેશચંદ્ર ચોક્સી | શામળાજી | ૯૪૨૭૫૨૮૯૪૧ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.) | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |



A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601



ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES · APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
• ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
• ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
• હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
• મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮



ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ • મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
• વ્હીલ એલાઈનમેન્ટ • બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
• સરકાર માન્યતા પ્રાપ્ત • અદ્યતન વર્કશોપ, બોડીકામ,
• વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
• જેન્યુન પાર્ટસ • સર્વિસીંગ • ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર · કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન